સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૧૨૫૧

સલામી સવારની..

ભ્રષ્ટાચાર સામે લડે, એ કોઇને ગમતું નથી,
સત્તા પછીયે સાદગી, એ કોઇને જામતું નથી,
ખમતું નથી કોઇ,એ પડાવે ભાગ મારણમાં -
ખટકે આંખે આપ કે એ કોઇને નમતું નથી!

હાઈકુ

કમોસમમાં
ત્રાટકસે ટોરેન્ટ
ગાજે વધારો!

મિલી-ભગત,
'દાણી-અંબાણી-ઘાણી,
પિલાય પ્રજા..

ચિંતન

આશા નામ નદી મનોરથ જલા તૃષ્ણા તરંગા કુલા રાગ્રગ્રાહવતી વિતર્ક વિહગા ધૈર્યદ્રુમધ્વંસિની ।
મોહાવર્ત સુદુસ્તરાતિગહના પ્રોત્તુંગચિંતાતટી તસ્યાઃ પારગતા વિશુદ્ધ મનસા નન્દન્તિ યોગીશ્વરાઃ ॥

'આશા' એ એક નદી જેવી છે, અને એમાં મનોરથ-ઇચ્છાઓ-મહાત્વાકાંક્ષા રૂપી જળ ભર્યું છે અને એ મનોરથો પૂર્ણ થઇ જાય પછી કે પૂર્ણ કરવા માટેની કલ્પનાઓ એ નદીમાં ઉઠતાં તરંગો-મોજાં-લહેરો છે નદી એથી ચંચળ છે. નદીમાં રાગ-વાસનાઓ રૂપી મગરો પણ રહે છે. આશાપૂર્તિ માટે માનવી અનેક તર્ક-વિતર્ક આશા રૂપીના કાંઠે કલરવ કરતાં આ પંખીઓ એ જ તર્ક-વિતર્ક છે : આશાની શોભાને વધારે છે.

નદીમાં જયારે પૂર આવે છે ત્યારે કાંઠે ઉગેલાં-મોટાં તોતીંગ વૃક્ષોને પણ ઉખેડી તાણી જાય છે. અહીં આશારૂપી નદી જયારે અમર્યાદ બને ત્યારે કાંઠે તેના પર દાબ રાખતી ધીરજ રૂપી વૃક્ષોને પણ ઉખેડી નાખે છે એટલે વૃક્ષો જેમ જડમૂળથી ઉખડી જાય તેમ ધીરજ પર ખૂટી જાય એવી આશા અમર્યાદ બને છે.

નદીના વેગને કારણે વમળ-ફુંડાળાં સર્જાય છે એ ખતરનાક હોય છે. આશારૂપી નદીમાં વેગથી આવાં જ મોહ રૂપી વમળ પેદા થાય આશા સાથે મોહ જન્મે ત્યારે વધારે વિનાશક બની જાય છે. આવાં વમળ વાળી નદીને કોઇ પાર કરી શકતું નથી. નદીમાં ઊંડાણ હોય છે. એમ આશાઓને અંત નથી હોતો એ અતાગ હોય છે નદીને કિનારે હોય-આશારૂપી નદીને ચિંતાઓ રૂપી કિનારા છે.

આવી આશારૂપી નદીને કોઇ યોગી પુરુષ જ પાર કરી શકે.

સુવિચાર

- સદ્‌ગુરૂ થકી પોતાના આત્માની શ્રધ્ધા વધારે તે સાચો શિષ્ય છે, તે શ્રદ્ધા જ છેવટે પરમાત્મા પ્રાપ્ત કરવાનું દ્વાર બની જાય છે - *મોરારિ બાપુ*
- પાપના માર્ગ પર સફળતા મળે તો માનજો કે ભ્રમ છે અને પ્રભુના માર્ગ પર નિષ્ફળતા મળે તો માનજો કે પરીક્ષા છે - *શંક. ભટ્ટાચાર્ય*
- સાચો સંબંધ વરસાદ જેવો નથી હોતો કે આવે અને જતો રહે, સાચો સંબંધ તો પવન જેવો હોય છે.. જે દેખાતો નથી પણ હંમેશા તમારી સાથે જ રહે છે - *માનસસૂત્ર*
- પાણીથી છૂટી પડેલી માછલી તડપી તડપીને મરી જાય છે કેમ કે તેને ખબર ન હતી કે નઝદીકીયાં પહેલા આદત પછી જરૂરત અને પછી એ જીંદગી બની જાય છે - *ઓશો*
- ધર્મ વિનાનું જીવન એટલે ફળ વિનાનું વૃક્ષ - *ધર્મસૂત્ર*
- ગઇકાલની ખરાબ કે નબળી યાદો ઊંઘકીને જીવશો તો આજનો દિવસ પણ બોજારૂપ લાગશે - *જૈન કાવ્ય*
- સવાલ : કોણ જીર્ણ થતું નથી?? જવાબ : આશા, તૃષ્ણા અને વાસના - *જનકલ્યાણ*

(સંકલન : દીપક બી.આસરા)

બોધ કથા

સાચા હૃદયથી કરેલી પ્રભુ-પ્રાર્થના ભગવાન સાંભળે જ છે જો કે એમાં મોટી શરત એ છે કે પ્રાર્થના નિ:સ્વાર્થ, પરોપકારી હોવી જોઇએ. આપણી પ્રાર્થનામાં લગભગ 'ઉઘરાણી' જ હોય. માગણને જોઇ આપણે પોતે મોઢું આડું નથી કરી દેતાં? ને ઉઘરાણીવાળો આવ તો 'ઘરે નથી' કહીએ છીએ ને?

એપ્રિલ-૧૯૮૧માં સ્વામી ભગવાને બસો વર્ષ પૂરાં થતાં હતા. અમદાવાદમાં પ્રમુખ સ્વામી મહારાજનો, આ ઉત્સવ 'દ્વિ શતાબ્દી મહોત્સવ' તરીકે ભવ્ય રીતે ઉજવવાનો સંકલ્પ હતો. તડામાર તૈયારીઓ શરૂ થઇ ગઇ..

અને બરાબર જાન્યુ.માં ગુજરાતમાં 'અનામત' માટેનું વિરોધ આંદોલન જોરદાર શરૂ થયું.

બંધ-હડતાળ-મારામારી-ગોળીબારી શરૂ થતાં આંદોલન દિવસે ને દિવસ ઉગ્ર બનતું જતું હતું આ બાજુ ઉત્સવની જાહેરાતો પણ જોરદાર પ્રચાર સાથે ચાલવા લાગી. રાજદ્વારી નેતાઓ અને સત્સંગ આગેવાનોએ આદ્ર સાદે પ્રમુખ સ્વામીને વિનંતી કરી, આવા વાતાવરણમાં ઉત્સવ મોકૂફ રાખો!

પ્રમુખ સ્વામી કહે-મેં પ્રભુ પ્રાર્થના કરી છે અને વિશ્વાસ છે આ ઉત્સવ એપ્રિલમાં થશે જ!

...૧૩-૩-૧૯૯૧ના આંદોલનો આટોપાઇ ગયું.

એપ્રિલમાં દ્વિ શતાબ્દી મહોત્સવ દબદબાથી ઉજવાયો પણ ખરો.

Email - sureshchandrabhatt18@gmail.com

... એમને પાગલોમાં પરમાત્મા દેખાયા... અને બસ પછી તો પાગલો સાથે પ્રિત બંધાઇ ગઇ...

સમાજ ચિંતન
- પોપટલાલ પ્રજાપતિ

દુનિયામાં વેરઝેર, ઇર્ષાયિ, નફરત, તિરસ્કાર, પ્રપંચ અને ધોખાઇડીનું સામ્રાજ્ય છે. આ દેશનું રાજકારણ તો તમામ પ્રકારના દુર્ગુણોનું જાણે જન્મસ્થાન બની ગયું છે. નવાઇની વાત એ છે કે દુનિયામાં વહીવટી ડાહ્યા માણસો કરી રહ્યા છે. પણ જગતમાં પાગલોની પણ એક આગવી દુનિયા છે. એમનું પોતાનું સામ્રાજ્ય છે જેમાં પોતે જ રાજા અને પોતે જ પ્રધાન છે. ઇન્ડિયન પીનલ કોડની કોઇ કલમો સાથે તેમને નિસ્બત નથી. કોઇ સામાજિક બંધનો કે રીતરીવાજની તેમને પરવ નથી. ઉત્સવો કે ધાર્મિક તહેવારોમાં તેમને રૂચિ નથી. તેમનાં વચ્ચે ક્યારેય કોમી રમખાણો ફાટી નીકળતા નથી. એકબીજા સામે તેઓ ક્યારેય કોમી રમખાણો ફાટી નીકળતા નથી. એકબીજા સામે તેઓ ક્યારેક કોર્ટ કેસ કરતા નથી. એક પાગલ બીજા પાગલની અંગત બાબતોમાં ક્યારેય માથુ મારતો નથી.

છતાં આ અલગારી દુનિયાના અલગારી જીવોને સમજવાનો પ્રયત્ન ડાહ્યા માણસો ક્યારેય કરતા નથી કારણ કે તેઓ એટલા ગંદા હોય છે કે તેમને અડવામાંય સુગ ચઢે છે, તેમના કપડામાં એટલો મેલ ચઢયો હોય છે કે તેનો મુખ રંગ કે ડિઝાઇન ક્યાંક દેખાતા નથી. તેમના શરીરમાં એટલી દુર્ગંધ મારે છે કે તેમને સ્પર્શ કરવામાંય આપણી પવિત્રતાને દાગ લાગી જાય છે. કડકડતી ઠંડીમાંય તે ફૂટપાથ પર કાં તો બસસ્ટેન્ડ પર ટુંટીયું વાળીને પડ્યા રહે છે. તેમનો જમવાનો કોઇ ટાઇમ નતી, સ્નાનાદિ ક્રિયા માટે પણ ફુરસદ નથી. અરે, શૌચક્રિયા બાદ પણ તેને અનુષાંગિક ક્રિયા કરવી પડે તેનું પણ તેને ભાન નથી. બસ મસ્ત બનીને એકલા એકલા ફર્યા કરે છે પણ કંઇક ગણગણાટ કરતા હોય છે, મન સાથે સતત વાર્તાલાપ ચાલુ હોય અને તેનું સમાધાન પણ તેઓ જાતે મેળવી લેતા હોય છે. આવા પાગલો હોય અને તેનું સમાધન પણ તેઓ જાતે મેળવી લેતા હોય છે. આવા પાગલો સાથે વાત કરવાની કે તેમની પાસે જવાની પણ હિંમત કોમ કરી શકે? કારણ કે તેમને સમજવા માટે આપણી વિદ્વતા કે અહંકારનો પછેડો ફગાવી દેવો પડે. ક્યારેક આપણે પણ મતિશૂન્ય બની જવું પડે. માટે જ સમાજ આ પાગલોથી દૂર ભાગે છે. પણ ગાંધીનગરની એક સામાજિક સંસ્થા ના સૂત્રધારનો આતમ જાગ્યો, તેમને આ વિદ્વાનોની નગરીના પાગલ માણસોનો અભ્યાસ કરવાનું અને તેમની વેદનાને સમજવાનું મન થયું. અને તેમણે ગાંધીનગરના પાગલોની શોધખોળ આરંભી. અક્ષરધામથી મહાત્મા મંદિર, ઘ-૦થી સે.૨૮ ગાર્ડન, પથિકાશ્રમ, સે.૨૪ શાકમાર્કેટ, ડી.એસ.પી. ઓફિસ વિસ્તાર બધે જ નજર ફેરવી અને ગાંધીનગરના ૨૩ પાગલો જેમાં ૨૧ પુરૂષો અને બે સ્ત્રીઓ હતા, તેમને શોધી કાઢ્યા. અને પછી તો આ પાગલો સામે પ્રિત કરવાનું મહાઅભિયાન તેમણે શરૂ કર્યું. સામે મોટો પડકાર હતો પણ મનમાં અડગ નિશ્ચય હતો કે દુનિયાથી અલાયદી આ જમાતની વેદનાને સમજવી છે.

તેમણે પાગલ પાસે જઇ વાત કરવા પ્રયત્ન કર્યો તો ક્યારેક ગુસ્સે થઇ તે મારવા આતવો કે દૂરથી છૂટા પથ્થરના ઘા કરવા લાગ્યો, ક્યારેક ગંદી ગાળો પણ બોલતો. પણ આ એકલવીર હસતે મુખે ગાળો સહન કરી લેતો, કારણ કે આ તો સમજણ વિનાની ગાળો હતી. આ સેવકે પછી ઘરેથી ટીફીન લઇને આવવાનો પ્રારંભ કર્યો. પેટની આગ આગળ સૌ કોઇ મજબૂર બની જાય છે. જમવાનું જોઇ પાગલો આ સેવક પાસે આવવા લાગ્યા. આ સેવકની હિંમત વધી, તેમણે મિત્રોને ભેગા કર્યા, જુજ મિત્રો તૈયાર થયા કારણ કે પાગલોની સેવા કરીને મેળવવાનું શું? તેમણે બધા બાગલોના વાળ કપાવવાનું વિચાર્યુ, કારણ કે પ્રત્યેક પાગલોના વાળ એટલે જાણે પંખીઓના હાલતા ચાલતાં માળા.... એટલા ગુંચવાયેલા પણ કોઇ વાળંદ ડબલ પૈસા આપવા છતાં વાળ કપાવવા તૈયાર ન થયા કારણ કે સ્ટેટસનો સવાલ હતો ને ? ... પણ જરાય હિંમત હાર્યા વગર આ સેવકોએ કાતર અને કાંસકા ખરીદ્યા અને જાતે પાગલોના વાળ કાપી નાખ્યા. ઉપરાંત તેમને પકડી પાણીના નળ નીચે બેસાડી સાબુ ઘસીને નવડાવ્યા... શરીર પર જામેલા મેલના થર દૂર કરવામાં સાબુ ખુટતો પણ આ સેવકોની હામ ક્યારેય ખુટી નથી.

પછી તો આ સેવકોને પાગલો સાથે જાણે પ્રિત બંધાઇ. બધા પાગલો માટે નિયમિત જમવા પહોંચાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવી. કેટલાક લાગી વાળાને પૈસા લઇ આ પાગલોને નિયમિત જમવા આપવાની વાત કરી તો લારીવાળાઓએ ઇન્કાર કર્યો, અમારી લારી પર આવા ગંદા માણસો જમવા આવે તો સારા માણસો બંધ થઇ જાય... સૌને પેટનો સવાલ હતો ને? ... પણ સેવાની સુગંધ ફેલાતી ગઇ. મીના બજારના એક કાપડના વેપારીએ દર મહિને રૂ. ૧૦૦ માં એક જોડ કપડાં આપવાનું સ્વીકાર્યું... અન શર્મા સાહેબે તો કલામ કરી... તેમણે નગરના ૨૧ પાગલોને માટે દર મહિને ૨૧ જોડ કપડા આપવાની જવાબદારી લીધી ઉપરાંત તેમની દવાનો ખર્ચ પણ તેઓ આપવા લાગ્યા. અને પછી તો 'લોગ આતે હી ગયે ઔર કારવાં બનતા ગયા...' આ સેવાધારી ફરિશ્તાઓ કે જેમને પ્રસિદ્ધિની ખેવના નથી ફક્ત માનવતાવાદી અભિગમ ધરાવે છે. તેમની મદદ મળવા લાગી. કડકડતી ઠંડીમાં આ પાગલોને ધાબળા આપવા નકામા છે કારણ કે તેમની કોઇ નિશ્ચિત જગ્યા નથી બીજા જ દિવસે કદાચ તેમની પાસે ધાબળો ન પણ હોય, ગમે ત્યાં ભૂલી જાય. પરિણામે તેમને જર્સી, જેકેટ કપડાં એક સાથે ત્રણ ચાર જોડી પહેરાવી દેતા જેથી ઠંડી સામે રક્ષણ મળે. ઉનાળાની પ્રખર ગરમીમાં આ ઉપેક્ષિત લોકો માટે બુટ, ચંપલની જોડીઓની પણ વ્યવસ્થા કરવામાં આવી. ક્યારેક તેઓ બીમાર પડે તો નકલી ડોક્ટરો (કંપાઉન્ડરમાંથી ડોક્ટર બનેલા)ને પણ જે તે સ્થળે લઇ પાગલોની દવા કરાવતા. તેઓ દવા પી લેતા પણ કોઇને ઇન્જેક્શન મારવાનું જરૂરી લાગે તો ચાર પાંચ માણસો ભેગા મળી પાગલને ગંભીર બિમાર પડતાં આ સેવકો તેમને ઉપાડી દવાખાને લઇ ગયા પણ તેના શરીરમાંથી આવતી દુર્ગંધને કારણે કોઇ નર્સ કે ડોક્ટર તેની સેવા કરવા તૈયાર ન થયા સૌ એકબીજાને ખો આપવા પ્રયત્ન કરતા હતા. આ જોઇ સેવકો તો ઘડીભર ડઘાઇ જ ગયા. વધુ આશ્ચર્યની વાત તો એ છે કે આમાંના કેટલાક પાગલોના નજીકના સંબંધીઓ ગાંધીનગરમાં જ રહે છે પણ તેઓ કદી તેમની મુલાકાત પણ લેતા નથી કે તેમના ઘેર તેમને પગ પણ મુકવા દેતા નથી... સૌને સ્ટેટસ નડે છે...

હવે તો પાગલોને દુનિયાની સંપૂર્ણ ઓળખ થઇ ગઇ છે. તેમને ભૂખ લાગે તો ભૂખ્યા રહેવું બહેતર પણ આ સેવકો સિવાય બીજા કોઇના હાથનું તેઓ જમતા નથી કે અજાણ્યા માણસને નજીક ફરકવા પણ દેતા નથી. તેમને પણ કદાચ લાગતુ હોય કે ફરિશ્તા તો આજ છે. બીજા તો સ્વાર્થના સગા છે.

નગરની જે પણ સેવાભાવી સંસ્થાઓ પોતાની સમજણ મુજબ સામાજિક, ધાર્મિક કે રાજકીય પ્રવૃત્તિઓ કરતી હોય તેમને તેમની સમજણ મુબારક. કોઇની ટાકા નથી કરવી પણ એક વાત વિચારવા જેવી ખરી કે સમજણ સાથે સ્નેહસંબંધો બહુ સરળ છે પણ સમજણ વિનાના માનવીઓને પોતાના કરી શકો એ જ સાચી માનવસેવા. આવી સેવા કરવા માટે પણ પાગલપન જોઇએ... અને આ પાગલપન તો સૌની સુષુપ્ત ચેતનાઓને જગાડવાનું કામ કરે છે મંદિરના પગથિયા ચઢીને નારાયણના દર્શન કરવા કતારો લગાવીએ છીએ પણ કોઇ વાર તો રસ્તે રખડતા દરિદ્રનારાયણના દર્શન કરવાની તો હિંમત કરી જુઓ...?

(આ સામાજિક સંસ્થા એટલે સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ અને તેના સુત્રધાર જીલુભા ધાધલ, શર્મા સાહેબ, નિલેન્દુ વોરા, લક્ષ્મણભાઇ કંસારા, નિરવ ઠાકર અને કેશુભાઇ ઘાસવાળા વિગેરેએ આ માનવતાવાદી અભિયાન હાથ ધર્યું છે... સૌને મારી સલામ...)

જયંતિ એમ. દલાલને 'ગિરનાર એવોર્ડ' તાજેતરમાં મુંબઇ ખાતે એનાયત કરવામાં આવ્યો, છેલ્લા બે દશકાથી ગુજરાતી સાહિત્યને વિશ્વસ્તરે ફેલાવવા કટિબદ્ધ આ સાહિત્યકારની નવલકથાઓના અંગ્રેજી અનુવાદને પણ સારો આવકાર પ્રાપ્ત થયો છે

● બાલ સાહિત્ય અકાદમી અમદાવાદનું ૧૪મું અધિવેશન ગુજરાતી બાલ સાહિત્ય વિશે પ્રથમ પીએચ.ડી. મહાનિબંધન રચનાર માન ડો. ભારતીબેન ઝવેરીના અધ્યક્ષસ્થાને ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે તાજેતરમાં યોજાઇ ગયું.

અધિવેશનની પ્રથમ બેઠકમાં બાળસાહિત્યના હિત વિકાસમાં ફાળો આપવા બદલ પાંચ સુજ્ઞોને સન્માનવામાં આવ્યા હતા. જેમાં ડો. કુમારપાળ દેસાઇ, ડો. શ્રદ્ધાબેન ત્રિવેદી, રજનીકુમાર પંડ્યા, ડો. ઇશ્વર પરમાર અને ડો. આરતી જી. પટેલને સન્માનિત કરાયા હતા.

અધિવેશનની પરિસંવાદની દ્વિતીય બેઠકમાં વિદ્વાન વક્તાઓ દ્વારા બાળવાર્તા સામેનાં પડકારો અને તેને પહોંચી વળવાના ઉપાયો અંગે ખુબ જ વિષદ ચર્ચા થઇ હતી પરિસંવાદની ભૂમિકા નટવર પટેલે બાંધી આપ્યા બાદ વિષય વસ્તુના પડકારો અંગે યશવંત મહેતાએ વક્તવ્ય આપ્યું હતું. તો ભાષાશૈલીના પડકારો વિષે ડો. શ્રદ્ધાબેન ત્રિવેદીએ વાત કરી, અંગ્રેજી ભાષાના પડકારો વિશે ડો. ઉર્મિલાબેન શાહ દ્વારા માતૃનિપ્રદ વક્તવ્ય રજૂ થયું તો પ્રકાશનના પડકારો અંગે ડો. હુંદરાજ બલવાણીએ બાળવાર્તા લેખનો ઉપયોગી માર્ગદર્શન પુરૂં પાડ્યું. જયારે રોયલ્ટીના મુદ્દા સહિત પ્રોત્સાહનના પડકારો અને ડો. રતિલાલ બોરીસાગરે અનોખી શૈલીમાં વક્તવ્ય આપ્યું હતું. તે પછી ખુલ્લી ચર્ચા થઇ હતી. બેઠકના અંતે અધ્યક્ષના સંબોધન બાદ સંચાલક નટવર પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સન્માનીતોને સ્મૃતિ ચંદ્રકો અર્પણ કરવામાં આવ્યા હતા. તેમજ બાળ સાહિત્યમાં સર્જકના પ્રદાન વિષે વિસ્તૃત માહિતી પણ આપવામાં આવી હતી. તે પછી સન્માનિત સર્જકો દ્વારા પ્રતિભાવો રજૂ થયા હતા.

● તાજેતરમાં યોજાઇ ગયેલ લેખક-પત્રકાર યશવંત મહેતાના અમૃત મહોત્સવ પ્રસંગે બે પુસ્તકો પ્રગટ થયાં છે. જેમાં પ્રથમ પુસ્તક 'યશ-ગાથા' યશવંત મહેતાના જીવન અને સાહિત્યની ઝલક આપે છે. જેમાં જાણકારો એ લખેલા લેખો, ઇન્ટરવ્યુ, અવલોકનો ઉપરાંત કેટલાંક અતિશય રસપ્રદ પત્રો પણ અહીં વાંચવા મળે છે. પુસ્તકની કિંમત રૂા. ૨૦૦/- ગુર્જર એજન્સી, રતનપોળ નાકા, અમદાવાદ દ્વારા ઉપલબ્ધ છે. બીજા પુસ્તકો 'ફૂટનોટ'માં યશવંત મહેતાએ પોતાના વડીલો, સ્વજનો આદર્શો, સુખ-દુ:ખ વગેરે અંગે દિલથી લખ્યું છે. એક લેખક-પત્રકારના આત્મકથ્યનો આપણી ભાષામાં આ પ્રથમ પ્રયોગ છે. જે ખૂબ જ રસપ્રદ છે.

● ગુજરાતના હિન્દી ભાષામાં લખતા અને ગુજરાત સ્થિત હિન્દી ભાષી લેખકોની સંસ્થા 'સાહિત્યાલોક' નો વાર્ષિક સમારોહ ૯, ફેબ્રુઆરી, ૨૦૧૪ ના રોજ સાંજે - ૪.૦૦ કલાકે અહિંસા ભવન સભાગાર ગુજરાત વિદ્યાપીઠ, આશ્રમરોડ, અમદાવાદ ખાતે યોજવાનો છે તેમાં અધ્યક્ષ સ્થાને સુપ્રસિદ્ધ સમાજસેવક અને સાહિત્યપ્રેમી જે.પી. પાંડયે ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમામાં ગદ્ય-પદ્યની જુદી જુદી સ્પર્ધાઓનાં વિજેતાઓને પુરસ્કૃત કરવાની સાથો સાથ હિન્દીના વરિષ્ઠ ગઝલકાર પ્રો. ભગવાનદાસ જૈન અને લબ્ધપ્રતિષ્ઠિત ગીતકાર ડો. દ્વારકા પ્રસાદ સોચિહરને તેમના સાહિત્યિક અને સંસ્થાકીય યોગદાન બદલ આ વર્ષનુ 'સાહિત્યાલોક - અલંકાર સન્માન' અર્પણ કરવામાં આવશે. તે ઉપરાંત શ્રીમતી પ્રતિભા પુરોહિતના તાજેતરમાં પ્રકાશિત થયેલ પુસ્તક સંસ્થાની 'સંપર્ક પુસ્તિકા'નું વિમોચન અધ્યક્ષના હસ્તે કરવામાં આવનાર છે. રસ ધરાવતા સૌને તેમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
'શબ્દ સેતુ'
સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

● ગુજરાત સાહિત્ય સભાના ઉપક્રમે દર્શક જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે સ્નાતક, અનુસ્થાતક અને સાહિત્ય રસિકો માટે નિબંધ સ્પર્ધા યોજવામાં આવી છે. (૧) લોકશાહી વિચાર દર્શક (૨) નવલકથાકાર 'દર્શક' (૩) કેળવણીકાર દર્શક (૪) દર્શકનું સમાજ ચિંતન, આ ચાર વિષયો પૈકી કોઇ એક વિષે ૪૦૦૦ શબ્દોની મર્યાદામાં ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં નિબંધ લખી મોકલવાની છેલ્લી તારીખ ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૪ છે. જે નીચેના સરનામે મોકલવા જણાવાયું છે. મંત્રીશ્રી, ગુજરાત સાહિત્યસભા, C/O ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, વિશ્વકોષ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

● અખિલ હિન્દી મહિલા પરિષદની બૃહદ સુરત શાખાના વાચનમંચના ઉપક્રમે યોજાયેલી સ્મિતા પારેખ સ્પર્ધા, ૨૦૧૩નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. (૧) નવલિકા સ્પર્ધામાં નીતા જોશી (વડોદરા) (૨) બાળવાર્તા સ્પર્ધામાં નટવર પટેલ (અમદાવાદ) (૩) કવિતા સ્પર્ધામાં બકુલેશ દેસાઇ સુરતને વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

● કવિ મિત્રો કે અપ્રગટ અને સ્વરચિત પાંચ પાંચ હાઇકુ અથવા તાન્કા કે હાઇન્કા સંપાદન હેતુ માટે આ સરનામે મોકલી આપવા જણાવ્યું હતું. કવિ રમેશ પરેલ, ૩૦ આનંદવાટિકા, સોસાયટી, સરદાર પુલ પાસે, અડાજણ, સુરત (મો.૯૮૨૫૧૦૦૨૫૫)

(અનુસંધાન પાના નં. ૬ પર)

ફક્ત તારી નજર આપ મને...

અક્ષયપાત્ર
- બકુલ દવે

હું એવું નથી માગતો કે ઘર આપ મને,
ઇચ્છા એ નથી મારી કે જર આપ મને,
દુનિયાને અસલ રૂપમાં હું જોઇ શકું,
ભગવાન ફક્ત તાર નજર આપ મને.

- મરીઝ

એવું ભાગ્યે જ કોઇ હશે જેને કદીયે કોઇ પાસે કંઇ માંગ્યું જ ન હોય - કશું ઇચ્છ્યું જ ન હોય. કોઇ પાસે કશું ન માગતો માણસ પણ છેવટે ભગવાન પાસે ક્યારેક યાચક બની જતો હોય છે. કેટલાક ભગવાન પાસે બાળક જેમ હઠ કરીને માગે છે તો કેટલાક આંસુનો અભિષેક કરીને. કેટલાક અધિકારપૂર્વક માગે છે તો કેટલાક પ્રાર્થના કરી. જુદા જુદા અવાજમાં અલગ-અલગ મિજાજમાં પોતાની માગ રજૂ કરતા અગણિત અરજીઓ ઇશ્વર પાસે પહોંચે છે, પણ એ સૌની માગણી મંજૂર થતી નથી. વૃક્ષ પર અસંખ્ય ફૂલો ખીલે છે. વૃક્ષ માટે તો બધાં જ સરખા હોય છે તો પણ મોટા ભાગનાં ખરી પડે છે. ફળમાં પરિવર્તન થવાની નિયતી થોડાની હોય છે. કેટલાક કહે છે કે ઇશ્વર સૌની લાયકાત જાણે છે. કોને શું આપવું - શું ન આપવું તે જાણે છે, એટલે એની પાસે કંઇ ન માગવું જોઇએ, પણ આ ન માગવા પાછળ પણ પ્રચ્છન્ન માગણી હોય છે કે ઇશ્વર તું જે કરીશ તેમાં સૌનું શ્રેય હશે. આ થઇ ભગવાનની નજરે જોવાની વાત. સૌની ભલાઇની ઇચ્છા હૃદયમાં જાગે ત્યારે એવી ઇચ્છા ભગવાનની ઇચ્છામાં ભળી જાય છે. માણસ પોતાને ભૂલી જાય છે ત્યારે જ આવું બને છે. ને પછી એની જે દૃષ્ટિ હોય છે તે ભગવાનની પણ હોય છે.

> *હે ભગવાન! દુનિયાને અસલ રૂપમાં જોઇ શકું એવી માત્ર તારી નજર આપ મને, એ નજર હોય છે દુનિયાના દુ:ખદર્દને આરપાર જોઇ શકતી કરૂણાભરી રાજકુમાર ગૌતમની નજર, જે દુનિયાની પીડા જોઇ બુદ્ધ બનવા તરફ દોરી જાય, રામકૃષ્ણ પરમહંસની નજર, જે ભૂખ્યા ગરીબ મનુષ્યોને જોઇ હૃદયને આર્દ્ર બનાવી આંખોને છલકાવી દે*

જન્મ સમયે કોઇ કશું ક્યાં સાથે લઇને આવે છે ? માણસ કશું લાવતો નથી કે કશું લીધા વગર જાય છે. સૌના માટે બેલેન્સશીટ નક્કી જ હોય છે તોપણ માણસ ઇશ્વર પાસે કંઇ ને કંઇ માગતો જ રહે છે. અલબત્ત, લાયકાત વગર કશું માગવામાં આવે તો તેને ઇશ્વર મંજૂર કરતો નથી. મને ઘર આપ, મને જર (ઝવેરાત) આપ, મને વર આપ એવી માગણીઓ ઇશ્વરના કાને ઘોંઘાટ બની અથડાયા કરતી હોય છે, પણ આ ઘોંઘાટ

વચ્ચે-શોરબકોરને ચીતરીને આવતો કોઇ આર્તનાદ એને સંભળાઇ જાય છે. 'હે ભગવાન! દુનિયાને અસલ રૂપમાં જોઇ શકું એવી માત્ર તારી નજર આપ મને. એ નજર હોય છે દુનિયાના દુ:ખદર્દને આરપાર જોઇ શકતી કરૂણાભરી રાજકુમાર ગૌતમની નજર, જે દુનિયાની પીડા જોઇ બુદ્ધ બનવા તરફ દોરી જાય, રામકૃષ્ણ પરમહંસની નજર, જે ભૂખ્યા ગરીબ મનુષ્યોને જોઇ હૃદયને આર્દ્ર બનાવી આંખોને છલકાવી દે.'

એટનબરોની 'ગાંધી' ફિલ્મનું એક દૃશ્ય સ્મૃતિમાં કોતરાઇ ગયું છે. ભારતદર્શન કરતા ગાંધીજીની ટ્રેન એક નદી પાસે રોકાય છે. ગાંધીજી ચહેરો ધોવા માટે નદીમાંથી પાણી લેવા ઝૂકે છે. ત્યારે નદીકિનારે લગભગ નિર્વસ્ત્ર સ્ત્રીને જુએ છે. બંને પરસ્પર એકમેકને જુએ છે. પોતાની પાસે રહેલું વધારાનું એક વસ્ત્ર ગાંધીજી નદીના પ્રવાહમાં વહેતું કરે છે, જે પેલી સ્ત્રીની પાસે પહોંચતાં જ એ ઝડપથી લઇ શરીર ઢાંકી દે છે. મદદે આવેલા ગાંધીજીને બે આભારવશ આંખો જોઇ રહે છે. ગાંધીજીની નજરે તેના માટે ઇશ્વરની નજર બની રહે છે.

પીડિત અને દુ:ખી જીવોની ચેતનાની અખિલાઇમાં ખલેલ પહોંચે છે. એ ખલેલ ઇશ્વરીય દૃષ્ટિ ધરાવતા અતિ સંવેદનશીલ મનુષ્યોને વિક્ષિપ્ત કરતી હોય છે. આ મનુષ્યો ચેતનામાં અવારનવાર થતી ખલેલથી જે ગાબડાં પડે છે તેને સતત થીગડાં મારવાનો પ્રયત્ન કરતા હોય છે. સ્વ. કવિ જગદીશ જોષીનું એક કાવ્ય યાદ આવે છે :

અણગમતું આયખું લઇ લ્યો નાથ, મને મનગમતી સાંજે એક આપો.
મારો મૃગજળમાં ઝૂરે છે તરાપો.